
ગાંધીનગર સમાચાર 

## ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર ત્રણમાં

# અગ્રસ્થાન મેળવનારા ગાંધીનગરના તેજસ્વી તારલા



ધ્વનિલ પટેલ | પ્રહિર લાખિયા | અંજલી પ્રેમચંદાણી | અજય ઈલયાણી | ટીના મહેરચંદાણી | સની શિવલાણી | મેહુલ ચાવડા | પ્રમિત શાહ | કિરણ શાહદાદપુરી | અંકિતા શાહદાદપુરી



કૌશલ હેરમા | વિવેક દેસાઈ | ધારા પટેલ | નીમા ઠક્કર | સાર્થક ગોહેલ | શરદ જાની | સ્નેહ પટેલ | હર્ષિત પટેલ | નીલમ પટેલ | વિસ્મય પટેલ

### વડીલોને વંદન
### અભિનંદન



મંગળબેન જયદેવભાઈ ભટ્ટ
(૧૯૨૨)ફોનઃ૨૩૨૪૧૦૨૧



અરવિંદાબેન જે. પુરોહિત
(૧૯૪૨)ફોનઃ૨૩૨૪૪૯૪૯



હંસાબેન જે ઘેડીયા
(૧૯૪૬)મો.૯૭૨૩૮૪૪૧૦૦

### ડર અને દમનના મોદી શાસનથી છુટકારો જરૂરી

# સાચા અર્થમાં વિકાસ કરવા પરિવર્તન જરૂરી : કેશુભાઈ

અમદાવાદ, તા. ૧૧

ગુજરાત પાર્ટીના નેતા કેશુભાઈ પેટલે આજે બેટને મત આપવા લોકોને સીધી અપીલ કરી હતી. પ્રથમ તબક્કામાં ચૂંટણીના એક દિવસ પહેલા કેશુભાઈએ કહ્યું હતું કે ગુજરાતને સાચા અર્થમાં વિકાસ કરવા પરિવર્તન જરૂરી છે. ગુજરાત પરિવર્તન પાર્ટી સૌરાષ્ટ્ર - દક્ષિણ ગુજરાત સહીત સમગ્ર ગુજરાતને વિકાસની નવી ઉંચાઈ પર લઈ જવા માંગે છે. સરકાર રચવા હું ગુજરાતની પ્રજાનો સહકાર માંગુ છું. 'બેટ'ને આપેલો તમારો પ્રત્યેક મત લોકશાહીને મજબુત બનાવશે. સૌરાષ્ટ્રને પાણી જોઈતું હોય તો બેટ ને મત આપો. ડર અને દમનના મોદી શાસનથી છુટકારો અપાવી ફરી નિર્ભય અને સ્વાભિમાનનું શાસન જોઈતું હોય તો બેટને મત આપો. મોંઘવારીમાં માત્ર ગુજરાત પરિવર્તન પાર્ટી જ રાહત આપી શકે તેમ છે. અમારા પરિવર્તન પેકેજમાં પેટ્રોલ, ડીઝલ, સીએનજી પરનો વેટ ઘટાડવાની, શહેરોને વીજ-બીલમાં ૫૦ ટકા રાહત તથા ગામડાને વિનામૂલ્યે વીજળી દ્વારા શહેરો તરફની હિજરત અટકાવવી, રાંધણ ગેસમાં રૂપિયા ૧૦૦ની સબસીડી તથા ખેડૂતોને વીજળી વિનામૂલ્યે અને સૂચિત સોસાયડટીઓ ટોકન ફી લઈને કાયદેસર કરી આપવાની વાત કરી છે. તેમાં પ્રજાને રાહત આપવાનો અને મુશ્કેલીમાં મદદરૂપ બનવાનો અભિગમ છે.સૌરાષ્ટ્ર પાણી વગર વલખા મારે છે. શું આ જ પરિસ્થિતિમાં જીવન પસાર કરવું છે? મોદીશાસનને તમે ૧૧ વર્ષ જેટલી લાંબી તક આપી પણ પાણી આપવાની તેમની દાનત જ નથી. તો શું આપણી નવી પેઢી પણ જીવનભર મુશ્કેલી જ વેઠ્યા કરશે? નર્મદા યોજના તથા કલ્પસર તત્કાળ પૂર્ણ કરવી એ જ એક માત્ર વિકલ્પ છે. આ કરવા માટે રાજકીય ઈચ્છાશક્તિ જોઈએ. જે મોદીમાં બિલ્કુલ નથી. આજે આપણા હાથમાં અમૂલ્ય તક આવી છે. ઝડપી લો બાપા હંમેશા કહે છે તે કરે છે. આ મારા જીવનની છેલ્લી ચુંટણી છે. અમારે ગુજરાતને ફરી સુશાસન અને સુવિકાસ આપવો છે. તમારો સહકાર જોઈએ છે.ગુજરાતની પ્રજા પાસેથી આજે જીવનમાં છેલ્લીવાર હું કાંઈ માગી રહ્યો છું. પરિવર્તન લાવીને એક સમર્થ, સમૃદ્ધ અને સર્વસમાવેશક ગુજરાત બનાવવાની તક આપો. મોદી સરકારે ગુજરાતીનું મોરલ તોડી નાંખ્યું છે. તેમના કુશાસનથી પ્રજા કંટાળી છે.

### સેમેસ્ટર ત્રણમાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સેમેસ્ટર-૩ની પરીક્ષામાં જિલ્લાનું પરિણામ ૯૬.૨૦ ટકા આવ્યું છે. આ ઉપરાંત ઓક્ટોબર-૨૦૧૨ દરમ્યાન લેવાયેલી ધોરણઃ૧૨ વિજ્ઞાન પ્રવાહની જુના અભ્યાસક્રમની પરીક્ષાનું પણ પરિણામ જાહેર થયું હતું. જેમાં ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૫૩.૨૦ ટકા જાહેર કરાયું છે. ગાંધીનગર જિલ્લામાં આ પરીક્ષા માટે નોંધાયેલા ૫૪૩ પૈકી ૫૧૫ વિદ્યાર્થીઓ પરીક્ષામાં હાજર રહ્યા હતા. જેમાં એ-૧, એ-૨ અને બી-૧ ગ્રેડમાં એક પણ વિદ્યાર્થીનો સમાવેશ થતો નથી.જ્યારે બી-૨ ગ્રેડમાં માત્ર ૧ વિદ્યાર્થીનો સમાવેશ થાય છે.

### ચૂંટણી પ્રચાર ઝુંબેશ

● અનુસંધાન પહેલાનું ચાલુ

મોદીએ બીજી જાહેર સભાને સંબોધન કર્યું હતું. અગાઉ તેમણે કલોલ ખાતે જાહેરસભા સંબોધી હતી તો ગઈકાલે ગાંધીનગર (ઉ) અને (દ)ની બેઠકોના વિસ્તારને આવરી લેતી જાહેરસભા સંબોધી હતી.

ભાજપ દ્વારા ગાંધીનગર (ઉ) બેઠક માટે અગાઉ ઉમા ભારતીની જાહેરસભાનું આયોજન કરાયું હતું હવે આજે ક્રિકેટરમાંથી રાજકીય નેતા બનેલા નવજ્યોતસિંઘ સિદ્ધુન જાહેરસભાનું આયોજન કરાયું છે. શ્રી સિદ્ધુની સે. ૨૨માં ૫.૩૦ કલાકે જાહેરસભાનું આયોજન કરાયું છે.

આ ઉપરાંત કોંગ્રેસ પક્ષના પ્રમુખ શ્રીમતિ સોનિયા ગાંધીની સિદ્ધપુરમાં જાહેરસભા બાદ હવે રાહુલ ગાંધી પણ ૧૩મીએ પાલનપુર અને શામળાજી ખાતે જાહેરસભા સંબોધવા માટે આવી રહ્યા છે.

કોંગ્રેસ પક્ષે ગાંધીનગરમાં શ્રી શંકરસિંહજી વાઘેલાની છ જેટલી સભાઓનું આયોજન જિલ્લાની વિવિધ બેઠકો પર કર્યું હતું. આજે કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ભરતસિંહ સોલંકીની આદરજ મોટી ખાતે જાહેરસભા યોજાઈ હતી.

કોંગ્રેસ અને ભાજપના રાષ્ટ્રીય અને પ્રદેશ નેતાઓની સભાઓ વચ્ચે બન્ને પક્ષના ઉમેદવારોએ તેમના પ્રચાર અભિયાનને વેગીલુ બનાવી દીધુ છે. બન્ને પક્ષોના ઉમેદવારો દ્વારા લોકસંપર્ક અભિયાનના રાઉન્ડો ચાલી રહ્યા છે.

તો બીજી તરફ જિલ્લાના આગેવાનો દ્વારા મિત્રમંડળની રાજનીતિ અનુસાર ગૃપ બેઠકોનો સિલસિલો પૂરજોશમાં ચાલી રહ્યો છે. બધાજ રાજકીય પક્ષોના કાર્યાલયો પર કાર્યકરોની આવન-જાવન સાથે રાજકીય ધમધમાટ વધી જવા પામ્યો છે.

પ્રચાર અભિયાનમાં રાજકીય પક્ષો કોઈજ કચાશ રહિ ના જાય તેની પુરેપુરી કાળજી રાખી રહ્યા છે અને શક્ય તેટલા વધુ લોકસંપર્ક પર ભાર મુકી રહ્યા છે.

ગાંધીનગર જિલ્લા સહિત ઉત્તર ગુજરાતની ૩૮ જેટલી બેઠકોનું મતદાન ૧૭મી ડિસેમ્બરે યોજાવાનું હોઈ પ્રચાર પડઘમ ૧૫મીએ સાંજે પાંચ વાગે શમી જશે. આમ વચ્ચેના ૧૦૦ કલાકના સમયમાં રાજકીય આગેવાનો પોતાની એડીચોટીનું જોર લગાવી વિજય પતાકાઓ લહેરાવા માટે આતુર બન્યા છે.

# સ્કાઉટ ગાઈડ્ સંગઠને યુવાનોના વ્યક્તિત્વના વિકાસમાં મહત્વનું યોગદાન આપ્યું છે : રાજ્યપાલશ્રી

ગાંધીનગર, તા. ૧૧



ગુજરાતના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે સ્કાઉટ્સ ગાઈડ્સ સંગઠને યુવાનોના વ્યક્તિત્વ વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે. છાત્રોમાં રાષ્ટ્ર પ્રેમ, શિસ્ત, ભાઈચારા તથા નૈતિક મૂલ્યોનું સિંચન થાય તે માટે સંગઠન હંમેશા તત્પર રહ્યું છે.

રાજભવન ખાતે ગઈકાલે યોજાયેલા 'રાજ્ય પુરસ્કાર' તથા 'એડલ્ટ એવોર્ડ' ૨૦૧૨ વિતરણ સમારોહમાં વિદ્યાર્થીઓ અને સ્કાઉટ-ગાઈડ સંગઠનના વરિષ્ઠ સદસ્યોનું રાજ્યપાલશ્રીના હસ્તે સન્માન કરી પુરસ્કારો અર્પણ કરાયા હતા. આ પ્રસંગે ઉદ્બોધન કરતાં ડૉ. શ્રીમતી કમલાજીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સ્કાઉટ ગાઈડ્સ રાષ્ટ્રપતિ પુરસ્કાર પ્રાપ્ત કરવા માટે ભરપૂર પ્રયાસો કરશે, તેવી મને આશા છે.

ગુજરાતમાં વધુ સંખ્યામાં સ્કાઉટ ગાઈડ્સ આ સંગઠનમાં જોડાય તેવા પ્રયાસો પર ભાર મુકતાં રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે આ પ્રવૃત્તિનો વધુમાં વધુ પ્રસાર થાય અને વિદ્યાર્થીઓ રાષ્ટ્ર અને સમાજ પ્રત્યેની જવાબદારી પ્રત્યે વધુ સભાનતા કેળવે તે માટે તેમને પ્રોત્સાહિત કરવા જોઈએ.

રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે સંગઠન દ્વારા આગામી ફેબ્રુઆરી-૨૦૧૩માં રાજકોટ ખાતે ભારત સ્કાઉટ્ ગાઈડ્સની રેલીનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓ તથા નજીકના રાજ્યોના સ્કાઉટ ગાઈડ્ પણ આ રેલીમાં ભાગ લેશે. જે પ્રસન્નતાની વાત છે.

તેમણે જણાવ્યું હતુંકે ભ્રાતૃત્વ નિર્માણની આ ઉમદા પ્રવૃત્તિમાં સ્વેચ્છાએ જોડાઈ આ પ્રવૃત્તિને વેગવંતી બનાવવા સૌએ સંનિષ્ઠ પ્રયાસો કરવા જોઈએ, જેથી રાષ્ટ્રના ભાવિ નાગરિકો તૈયાર થઈ શકે.

આ પ્રસંગે સંગઠનના રાજ્ય મુખ્ય કમિશનરશ્રી મહેન્દ્રભાઈ પટેલે સ્વાગત પ્રવચનમાં સંસ્થાની પ્રવૃત્તિઓની વિગતો આપી હતી.

### શબ્દાવલી - ૪૯૨૧

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ■ | ૪ |
| | ■ | | ■ | ૫ | | | |
| | ■ | ■ | ૬ | | ■ | ■ | ■ |
| ૭ | ૮ | | ■ | ૯ | | ૧૦ | ૧૧ |
| ■ | | ■ | ૧૨ | | ■ | ૧૩ | |
| ૧૪ | | ૧૫ | | ■ | ૧૬ | | |
| | ■ | ૧૭ | | | ■ | ■ | |
| ૧૮ | | ■ | | ■ | ૧૯ | | |

**આડી ચાવી**

૧. આજે તો...સાથે ધોધમાર વરસાદ વરસ્યો (૪)
૫. સગાઈ, વિવાહ (૪)
૬. ગોર પદુ કરનાર બ્રાહ્મણ (૨)
૭. ત્યાગવું (૩)
૯. બારી, હવા બાકોરૂં (૪)
૧૨. ...મેળવવો, જમા-ઉધારનું પાસુ સરખુ કરવું (૨)
૧૩. બીજ પછી... આવે (૨)
૧૪. આગ, અંગારો (૪)
૧૬. મરે નહિ તેવું (૩)
૧૭. નેઈલ કટર (૩)
૧૮. કિલ્લો (૨)
૧૯. દુઃખ થાય તેવું (૩)

**ઊભી ચાવી**

૧. ગણપતિને લગતું (૪)
૨. બહાદુર (૨)
૩. મોકો, તક (૨)
૪. કોલસો-સોનું વગેરેની... હોય (૨)
૫. વત્તાકાર , ઉમેરો (૪)
૮. મોટો... પ્રસંગ (૩)
૧૦. અનાથ (૩)
૧૧. દેખરેખ નીચે કેદમાં રાખવું (૫)
૧૨. આખા વરસના તારીખ-વાર બતાવતો ડટ્ટો (૪)
૧૪. દિવો, દિપક (૩)
૧૫. ગીત, ગાવું તે, ... કરવું (૨)

### શબ્દાવલી ૪૯૨૦ના જવાબ

**આડી ચાવી :-** (૧) ઘોડાગાડી (૪) હાડકુ (૬) ડમરો (૭) વિધાતા (૯) યોજના (૧૧) દાનવીર (૧૨) આગેવાની (૧૪) ડગર (૧૫) યજમાન (૧૮) તરત (૧૯) જીભ

**ઊભી ચાવી :-** (૧) ઘોષણાપત્ર (૨) ગાડરીયો (૩) ડીમ (૫) કુમાતા (૮) ધારાવી (૧૦) નાદાનીયત (૧૨) આગ (૧૩) ગેરત (૧૪) ડફ (૧૬) માજી (૧૭) નભ